સાકરીયા બસસ્ટેન્ડ પર બમ્પ મુકવાની વાત વિસરાતા ગ્રામજનો દ્વારા ચક્કાજામ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મોડાસાથી ૫ કિમી શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ (સ્ટેટ હાઈવે) પર આવેલા સાકરીયા ગામના બસસ્ટેન્ડ નજીક બે મહિના પૂર્વે બસના ચાલકે પૂરપાટ ઝડપે હંકારી બાઈક ચાલકને ટક્કર મારતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. યુવાનના મોતથી વિફરેલા સાકરીયા ગામના ગ્રામજનોએ બમ્પ બનાવવા બનાવવા હૈયાધારણા આપતા રોષે ભરાયેલા ગ્રામજનોએ ચક્કાજામ સમેટી લેતાં વાહનવ્યવહાર પૂર્વરત થયો હતો. પરંતુ ત્યારબાદ એલ એન્ડ ટીના અધિકારીઓએ ગ્રામજનોની બમ્પ બનાવવાની માંગણી લટકાવી દેતા ગુરૂવારે ફરીથી શામળાજી-ગોધરા સ્ટેટ હાઈવે પર ૧ કલાક સુધી ચક્કાજામ કરતા હાઈવે નિર્માણ કરનાર કંપની એલ એન્ડ ટી ના અધિકારીઓ અને પોલિસતંત્ર દ્વારા સાકરીયા બસસ્ટેન્ડ પર બમ્પ શામળાજી-ગોધરા સ્ટેટ હાઈવે પર આવેલા સાકરીયા ગામના બસસ્ટેન્ડ પર અહીથી પુરઝડપે પસાર થતા વાહનચાલકોની બેદરકારીને લીધે સાકરીયા બસસ્ટેન્ડ તેમજ આજુબાજુ ૮ થી ૧૦ અકસ્માતની ઘટના સર્જાવાની સાથે કેટલાય નિર્દોષ લોકોએ જાન ગુમાવવા પડે છે. સાકરીયા બસસ્ટેન્ડની આજુબાજુ સાકરીયા ગામની હાઈસ્કૂલ તેમજ ગુજરાતી પ્રાથમિક શાળા તેમજ બસસ્ટેન્ડની બન્ને બાજુએ ગ્રામજનો વસવાટ કરતા હોવાથી સ્ટેટ હાઈવે ઓળંગતા વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને રાહદારીઓમાં અહીથી બેફામ ગતિએ પસાર થતા વાહનોથી અકસ્માત સર્જાવાની ભીતી અને ભય પેદા થવાની સાથે અકસ્માતની ઘટનાઓ અનેક વખત ઘટી ચૂકી હોવાથી ગ્રામજનો દ્વારા વારંવાર સ્ટેટ હાઈવે નિર્માણ કરનાર કંપનીના અધિકારીઓ આગળ વારંવાર બમ્પ બનાવવા માંગણી કરવા છતાં ધ્યાને ન લેવાતા ગુરૂવારે બમ્પ બનાવાવની માંગણીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા સાકરીયા ગામના ગ્રામજનો બપોરે સ્ટેટ હાઈવે પર ઘસી આવી ચક્કાજામ કરતા ટ્રાફિકજામના દેશ્યો સર્જાયા હતા. ગ્રામજનોએ ચક્કાજામ કર્યાની જાણ એલ એન્ડ ટી કંપનીના અધિકારીઓને થતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી ગ્રામજનોને બમ્બ બનાવવાની હૈયાધારણા આપી સ્પીડ બ્રેકરના સાધનો દ્વારા બસ સ્ટેન્ડની આજુબાજુ સ્પીડબ્રેકર મુકવામાં આવ્યા હતા. પરંતુ કંપની દ્વારા બે દિવસ પહેલા સ્પીડબ્રેકર હરાવી લેવાતા અને વાહનો બેફામ ગતિએ પસાર થતાં ગોઠવતા આંદોલન સમેટાયુ હતુ.

સાકરીયા ગામના ઉમેશ પટેલના જણાવ્યા અનુસાર બે મહિના પહેલા બસ સ્ટેન્ડ નજીક બાઈકચાલક યુવાનનુ અકસ્માતમાં મોત નિપજતા રોષે ભરાયેલા ગ્રામજનોએ ચક્કાજામ કરતા એલ એન્ડ ટી કંપની ગ્રામજનોએ આજે બપોરે ચક્કાજામ કરતા એલ એન્ડ ટી કંપનીના અધિકારીઓએ ફરીથી માર્ગ પર સ્પીડબ્રેકર મુકી ૧૮ માર્ચ સુધીમાં બમ્બ બનાવવાની હૈયાધારણ અપાતા ચક્કાજામ દૂર કરી વાહનવ્યવહાર પૂર્વરત કરાયો હતો.

ઊંઝા શહેરના બંધ મકાનમાંથી ૧૨ લાખની ચોરી

ઊંઝા, તા. ૧૮

ઊંઝા શહેરમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ વધતાં લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે.

તાજેતરમાં આ વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીઓના ગુનાઓના ભેદ હજી વણ ઉકેલાયેલા રહ્યા છે. ત્યાં ગઈરાત્રે ઊંઝા શહેરના રહેણાંક વિસ્તાર એવા સમર્ષી ફ્લેટના એક બંધ મકાનનો નકૂચો તોડી અંદરથી કોઈ તસ્કરો રૂપિયા બાર લાખની કિંમતની મત્તાના સોના-ચાંદીના દાગીનાની ઉઠાંતરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા શહેરમાં ભય સાથે ચિંતાની લાગણી જન્મી છે.

વિગત એવી છે કે, મૂળ બનાસકાંઠા જિલ્લાના દાંતીયાણા ગામના વતની અને ઊંઝા ખાતે આંખની હોસ્પિટલ પાસે કામરાજ કોલોનીમાં રહેતા ઈન્દ્રમલ માણેકચંદ કોઠારી વેપાર ધંધો કરે છે. તેઓ છોકરાની બાધા કરવા માટે વતનમાં ગયા હતા ત્યારે ગઈરાત્રે તેમના સમર્ષી ફ્લેટના બંધ મકાન નં. ૯નો કોઈ તસ્કરોએ નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યાર બાદ અંદર પડેલ તિજોરીમાંની પેટીમાંથી સોના-ચાંદીના વિવિધ દાગીનાઓ જેની કુલ કિંમત રૂપિયા બાર લાખ થવા જાય છે. તેની ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આમ ઊંઝા શહેરમાં ફ્લેટના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ફક્ત સોના ચાંદીના દાગીનાઓની ચોરી કરતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી. આ બાબતે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી એફ.એસ.એલ. અને ડૉગ સ્કવોર્ડની મદદથી વધુ તપાસ હાથ ધરી છે.

રિદ્ધિ સ્કૂલ ઓફ નર્સિંગમાં ઓથ સેરેમની યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલ રિદ્ધિ સ્કૂલ ઓફ નર્સિંગ એ.એન.એમ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ઓથ સેરેમની કાર્યક્રમ યોજાયો હતો. હિંમતનગર મોતીપુરા વિસ્તારમાં આવેલ રિદ્ધિ સ્કૂલ ઓફ નર્સિંગના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો ઓથા સેરેમની કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રથમ વર્ષની તાલીમાર્થી બહેનોએ આવેલ મહેમાનો દ્વારા ઓથ લેવડાવવામાં આવ્યા હતા. ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. પ્રથમ વર્ષમાં ઉત્તિર્ણ થનાર ત્રણ વિદ્યાર્થીઓને મહેમાનો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે હસમુખભાઈ જોષી, હિતેશભાઈ પટેલ, કનુભાઈ પંડ્યા, નાથાભાઈ પટેલ, દિપીકાબેન, હેમાલીબેન વગેરે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે તાલીમાર્થી ભાઈ-બહેનો સહિત વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રજનીકાબેન, ટ્યુટર ઝેબા, ફરજાબેન, કાજલબેન વગેરે દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

ઉનાવા ગામે પશુ ચોરી અને મંદિર ચોરીના બનાવો વધતા સ્થાનિકો ચિંતાતુર

ઊંઝા, તા. ૧૮

ઊંઝા નજીકના ઉનાવા ગામે ચોરીઓના ઉપદ્રવ વધતા લોકો ચિંતાતૂર બન્યા છે. બે દિવસ પૂર્વે કન્યાશાળા પાસે આવેલ બ્રહ્માણી માતાજીના મંદિરની દાન પેટી તોડીને અંદરથી કોઈ તસ્કરો અંદાજે બે હજાર રૂપિયાની રોકડ રકમની ચોરી કરી ગયા હતા. બાદ બીજા દિવસે ઉનાવા સર્વોદય હાઈસ્કૂલ નજીકના આનંદપુરામાં રહેતા એક ચૌધરી જ્ઞાતિના ખેડૂતવર્ગના ગરીબ વ્યક્તિની નજીકના વાડામાં બાંધેલ ભેંસની કોઈ તસ્કરોએ રાત્રિના સમયે કોઈ વાહનમાં ચોરી કરીને લઈ ગયા હોવાનો બનાવ બન્યો હોવાનું જાણવા મળેલ છે. આ ઢોર ચોરી અંગે ઉનાવા પોલીસમથકે કોઈ જ ગુનો ન નોંધાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

શિહોરી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નવીન ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ કાર્યક્રમમાં ડૉ. ડી.એન. પરમાર, બળદેવભાઈ રબારી, કેવળરામ ઉપાધ્યાય, શૈલેષ ચૌધરી, વનરાજસિંહ વગેરે હાજર રહ્યા હતા.

ખેડબ્રહ્મા એસટી ડેપોના કેશીયરની ધોલાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં એક ઈસમે તેની બહેન સાથે આડા સંબંધ હોવાની શંકા રાખી કેશીયરને બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી નખથી ગળાના ભાગે ઈજાઓ પહોંચાડવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોના કેશીયર મનોજભાઈ રાણા બુધવારે સવારે સાડા અગીયાર વાગ્યાના સુમારે ફરજ પર હતા ત્યારે ખેડબ્રહ્માના ચાંપલપુર વસાહતનો રહિશ અતુલ મોહનભાઈ તુરી મનોજભાઈની ઓફિસમાં આવ્યો હતો અને મનોજભાઈ સામે બિભત્સ ગાળો બોલી તુ મારી બહેન સાથે કેમ આડા સંબંધ રાખે છે તેથી મનોજભાઈએ કહ્યું હતું કે એવુ કશુ નથી તેમ કહેતા અતુલ ઉશ્કેરાઈ ગયો હતો અને ગડદાપાટુનો માર મારી તથા નખથી ગળાના ભાગે ઈજા પહોંચાડી હતી. જ્યાં જપાજપીમાં મનોજભાઈનો સોનાનો દોરો પડી ગયો હતો અને બુમાબુમ થતા એસટીનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મનોજને છોડાવ્યો હતો. આ બનાવ અંગે મનોજ રાણાએ અતુલ તુરી વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટાંકાટુકા મુકામે શામળાજી કોલેજના એન.એસ.એસ. યુનિટની શિબિર યોજાઈ

મોડાસા, તા. ૧૮

શામળાજીની આર્ટસ કોલેજના એન.એસ.એસ. યુનિટની ગ્રામ નિવાસ તાલીમ શિબિર તા. ૧૩ થી ૧૮ ફેબ્રુઆરી-૨૦૧૬ દરમ્યાન 'સ્વચ્છ અને સ્વસ્થ ગ્રામ' એવા વિષય પર યોજાઈ હતી. આ શિબિરમાં યુવાનોના કારકિર્દી ઘડતર અંગે તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ મોડાસાની કોલેજના આચાર્ય અને સ્પીપાના ડાયરેક્ટર પ્રિન્સી. સંતોષ દેવકરનું વ્યાખ્યાન યોજાયું હતું. તેમને વર્તમાન સમયમાં છાત્રોને અભ્યાસ ઉપરાંત વર્તમાનપત્રોનું વાંચન કરવા તેમજ દેશ દુનિયાના વિવાદોથી સુપરિચિત રહેવા જણાવ્યું હતું. તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ કઈ રીતે સફળ રીતે પાસ કરી શકાય એ અંગેના મૂલ્યવાન સૂચનો કર્યા હતા. ઉપરાંત કઈ કઈ પરીક્ષાઓ આપી કઈ કઈ નોકરીઓ મેળવી શકાય એ અંગેનું સચોટ માર્ગદર્શન પુરૂ પાડી, પોતાની રોમાંચક વક્તૃત્વ શૈલી થકી છાત્રોને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપી નોકરીલક્ષી જીવનઘડતરનું ભાથુ બાધી આપ્યુ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત સામાજિક અગ્રણી નીલેશ જોષીએ પ્રાસંગોચિત ઉદ્બોધન કરીને સહુ છાત્રોને પ્રેરણા પ્રોત્સાહન આપેલ. શિબિરમાં શતાધિક છાત્રો હાજર હતા. શિબિર સંચાલક પ્રા. ડૉ. પનસેર પરમજીત અને પ્રા. ડૉ. એમ.એમ. વ્યાસે જરૂરી સહાય આ પ્રસંગે કરી હતી.

પાલનપુરના ડૉ. સુરેન્દ્ર ગુપ્તાને આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત

ગ્લોબલ એસોસીએશન ઓફ ફીજીશિયન્સ ઓફ ઈન્ડિયન ઓરીજીન એ વિશ્વભરમાં પથરાયેલા ભારતીય મૂળના તબીબોની બનેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેની તાજેતરમાં વાર્ષિક કોન્ફરન્સ બેંગ્લોર ખાતે યોજાઈ હતી. જેમાં પાલનપુરના ડૉ. સુરેન્દ્ર ગુપ્તાને આંતરરાષ્ટ્રીય એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સર્વે તબીબોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. ઉલ્લેખનીય છે કે પાલનપુરના ડૉ. સુરેન્દ્ર ગુપ્તા આ અગાઉ ઘણી બધી રાજકીય અને બીન રાજકીય સંસ્થાઓ દ્વારા સન્માનિત થઈ એવોર્ડ પ્રાપ્ત કરી ચૂક્યા છે. અને આ આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરનાર ગુજરાતના એક માત્ર તબીબ છે.

ઊંઝાના શીહી ગામની પરિણીતાને ભગાડી જઈ યુવાને લગ્નના ખોટા દસ્તાવેજ બનાવતા પોલીસ ફરિયાદ

ઊંઝા, તા. ૧૮

ઊંઝા નજીકના શીહી ગામની એક સંતાનની માતા એવી પરિણીતાને લગ્ન કરવાની લાલચ આપી ગામના જ એક યુવાને ભગાડી જઈ લગ્નના ખોટા દસ્તાવેજો બનાવી પત્ની તરીકે દ્વિપત્નિત્વનો ગુનો કરી વ્યભિચાર આચરવાના આરોપસર કાયદેસર થવા પરિણીતાના વાલીએ ઉનાવા પોલીસમથકે ફરિયાદ આપેલ છે.

ઊંઝા નજીકના શીહી ગામે રહેતા ઠાકોર કાન્તીજી મફાજીએ ઉનાવા પોલીસ મથકે આપેલ ફરિયાદમાં જણાવ્યું છે કે, અમારા ભાઈ નશાજી મફાજી ઠાકોરની સૌથી મોટી દિકરી કિંજલના લગ્ન લીંચ ગામે ઠાકોર વિષ્ણુજી કાન્તિજી સાથે થયા હતા. આ લગ્નજીવન દરમિયાન તેણીને એક દિકરો છે.

ગત તા. ૧લી ફેબ્રુઆરીના રોજ અમારા મહોલ્લામાં જ રહેતા ઠાકોર જનકુમાર હમીરજી અમારા ભાઈની દિકરીને ભગાડી ગયેલ. જેથી અમો તેના પેર તપાસ કરતાં તેના પરિવારજનોએ અમોને ધમકી આપી હતી. બાદ અમોએ તપાસ દરમિયાન જાણવા મળેલ કે, કિંજલ અને નજકના લગ્ન બેચર બેચરાજી ગ્રામ પંચાયતમાં લગ્ન નોંધાયેલ છે. આમ પરિણીત યુવતીને લગ્નની લાલચ આપી ભગાડી જઈ ખોટા લગ્ન અંગેનું સોગંદનામુ કરી ખોટુ વિક્ષુસી પત્ર ભરી લગ્નની વિગતો જાણી બુઝીને નહી ભરી તલાટી સાથે મળી જઈ બેચરાજી મંદિરમાં લગ્ન ન થવા છતાં ખોટા દસ્તાવેજો બનાવી દ્વિપત્નિત્વનો ગુનો આચરી વ્યભિચાર કર્યા બાબતે ઉનાવા પોલીસમથકે ફરિયાદ આપવામાં આવી છે.

આ ફરિયાદમાં આરોપીઓ તરીકે ઠાકોર જનકકુમાર હમીરજી રહે. શીહી, રાવળ સેંધાભાઈ મોહનભાઈ, રાવળ કૌશિકભાઈ સેંધાભાઈ બંને રહે. મહેસાણા, પંડ્યા બાળકૃષ્ણ બળદેવભાઈ રહે. બેચરાજી, તલાટી કમ મંત્રી બેચર બેચરાજી ગ્રામ પંચાયતના નામો દર્શાવેલ છે.

સંક્ષિપ્ત સમાચાર

હિંમતનગરની અમરનાથ સોસાયટીના મકાનમાં ચોરી

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગરના મનહાવીરનગર વિસ્તારમાં આવેલ અમરનાથ સોસાયટીના એક બંધ મકાનમાંથી સોમવારે રાત્રે અજાણ્યા શખ્સો સોના-ચાંદીના દાગીના તથા બે કાંડા ઘડિયાળ મળી રૂ. ૪૧,૫૦૦ની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ મંગળવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

મળતી માહિતી મુજબ અમરનાથ સોસાયટીમાં રહેતા સંજુકતાબેન અરવિંદપ્રસાદ તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ કામ અર્થે ઘર બંધ કરીને બહાર ગયા હતા. દરમિયાન રાત્રે અજાણ્યા શખ્સોએ મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી તિજોરીમાંથી બે કાંડા ઘડિયાળ તથા સોના-ચાંદીના દાગીના મળી રૂ. ૪૧,૫૦૦ની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે સંજુકતાબેન પ્રસાદે મંગળવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોડાસાના વોલ્વાના ખોડિયાર મંદિરે મૈયાનો પ્રાગટોત્સવ ઉજવાયો

મોડાસા, તા. ૧૮

મહાસુદ આઠમના રોજ પંથકમાં ખોડીયાર જયંતી શ્રદ્ધા-ઉમંગભેર ઉજવાઈ હતી. જિલ્લાભરના મા ખોડલના મંદિરોમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા માઈભક્તો મહિમાપર્વે દર્શન કરી ધન્ય બન્યા હતા.

મોડાસા પંથકમાં પ્રસિદ્ધ વોલ્વા ખોડીયાર મંદિર મા ખોડલનો પ્રાગટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. મોડાસા-મેઘરજ વચ્ચેના મુખ્ય માર્ગ ઉપર આવેલા શિખરબદ્ધ શ્રી ખોડલ માતાના મંદિરે દૂર દૂરથી મોટી સંખ્યામાં માઈભક્તો વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. આદ્યશક્તિ મા ખોડલના પ્રાગટોત્સવ પર્વે વોલ્વા ગામના યુવાનો દ્વારા ૨૦ કિલોની કેક માના ચરણે ધરાવાઈ હતી. જ્યારે મોડાસાના માઈભક્ત કિશોરભાઈ જોષી પરિવાર દ્વારા માતાજીની વિશેષ પૂજા-અર્ચના હાથ ધરી મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. મંદિર ટ્રસ્ટના પ્રમુખ કનુભાઈ પટેલ સહિતના સ્થાનિક ભક્તોએ શ્રદ્ધાભેર ઉમટી પડેલા ભક્તો માટે યોગ્ય વ્યવસ્થા પુરી પાડી હતી.

ભાભર નગરપાલિકા ચૂંટણીને દિવસે રજા જાહેર કરાઈ

રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા જાહેર કરાયેલ જાહેરનામાથી બનાસકાંઠા જિલ્લાની ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે તા. ૨૧-૨-૨૦૧૬ના રોજ મતદાન યોજાનાર છે. ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં મતદારો સરળતાથી મતદાન કરી શકે અને પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે સ્થાનિક કક્ષાએ રજા જાહેર કરવામાં આવી છે. જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી બનાસકાંઠા દ્વારા સત્તાની રૂએ હૂકમ કરવામાં આવ્યો છે કે મતદાનના દિવસે તા. ૨૧-૨-૨૦૧૬ના રોજ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે રજા જાહેર કરવામાં આવી છે.